# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

- **રાજ્યમાં ચાદીપુરાના 153 કેસ નોંધાયા... અત્યાર સુધીમાં 57 કેસ પોઝિટીવ મળ્યાં.... આજદિન સુધી 66 દર્દીઓના મોત નિપજયાં**
- **વલસાડ, નવસારી, તાપી અને ડાંગ જીલ્લામાં સાંબેલાધાર વરસાદના પગલે પૂરની સ્થિતિ.. NDRF અને SDRF દ્વારા બચાવ અને રાહત કામગીરી**
- **બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ અને નવસારીમાં આજે અતિભારે વરસાદનું હવામાન વિભાગે રેડએલર્ટ જાહેર કર્યું**
- **અમદાવાદ શહેર પોલીસે વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ ઝુંબેશ અને ધિરાણ માટે મેગા લૉન કાર્યક્રમ યોજ્યો.. ૪૫૦થી વધુ નાગરિકો માટે સ્થળ પર જ લોનની પ્રક્રિયા હાથ ધરાઇ**
- **આજથી પવિત્ર શ્રાવણ માસનો આરંભ... બમ બમ ભોલેના નાદ સાથે વહેલી સવારથી જ શિવાલયો ગુંજ્યા**

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ROGCHALO

રાજ્યમાં અત્યારસુધીમાં ચાંદીપુરા વાઇરસના કુલ 153 જેટલા કેસ નોંધાયેલા છે જેમાં સાબરકાંઠા અને પંચમહાલમાં સૌથી વધુ 16-16 , અમદાવાદ શહેરમાં 12 અને મહેસાણાનાં નવ કેસ નોંધાયા છે. આજદિન સુધી 57 કેસ પોઝિટીવ છે અને 66 દર્દીઓના મોત થયા છે..

આ રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવીરહી છે જેમાં અત્યાર સુધીમાં 47 હજારથી વધુ ઘરોમાં સર્વેલન્સ, સાત લાખથી વધુ ઘરોમાં મેલિથિયોન પાવડરનું ડસ્ટિંગ કરાયું છે.. રોગચાળાને નિયંત્રણમાં લેવાની તમામ કામગીરી ચાલી રહી છે.

---

- પીટીસી- ગાંધીનગર -હર્ષલ પંડ્યા -(NAVIN)

# RAIN EFFECT

દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, તાપી અને ડાંગ જીલ્લાઓમાં બારેમેઘ ખાંગા થયા છે.. સાંબેલાધાર વરસાદને કારણે આ તમામ જીલ્લોઓની નદીઓમાં ઘૂડાપૂરની સ્થિતિ સર્જાઇ છે..

ડાંગ જીલ્લાના આહવામાં ૭૦ મીલીમીટર, વઘઇ ૬૪ ,સુબિર ૬૭ અને સાપુતારામાં ૭૬  મીલીમીટર વરસાદ વરસ્યો હતો.. ધોધમાર વરસાદના પગલે ગીરા ધોધ માં ભરપૂર પાણીની આવક થઇ હતી જેને કારણે ગીરાધોધ નું રોદ્ર સ્વરૂપ જોવા મળ્યું. તેમ છતાં સહેલાણીઓ ગીરાધોધ ને જોવા ઉમટ્યા હતા..જ્યારે વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદ ને લઇ તમામ શાળા, કોલેજો, ITI, આંગણવાડી ઓ ને બંધ રાખવા આદેશ  આપવામાં આવ્યો હતો..

ડાંગ જિલ્લામાં પડી રહેલા વરસાદના કારણે તાપી જિલ્લામાં ફરી પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયું છે.. ડોલવણ તાલુકામાંથી પસાર થતી અંબિકા અને પુર્ણા નદીના જળસ્તરમાં વધારો થતાં વહીવટી તંત્રે લોકોને સાવચેત કર્યા છે..

અમદાવાદમાં પણ ગઇકાલે મોડીરાત્રે ધોધમાર વરસાદ વરસતાં પાણી ભરાઇ ગયા હતા અને વાહન ચાલકો ફસાયા હતા.. લાલદરવાજા પાસે એક તોતિંગ વૃક્ષ ધરાશાઇ થતાં દોડધામ મચી ગઇ હતી આ ઝાડ પડવાને કારણે તેની નીચે પાર્ક કરેલા કેટલાંક વાહનો દબાઇ ગયા હતા.

ગાંધીનગરના સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા ગઇકાલે સવારના છ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધીના વરસાદના આંકડા અનુસાર રાજ્યના 105 તાલુકાઓમાં  વરસાદ નોંધાયો છે..જેમાં વલસાડના ખેરગામમાં સાત ઇંચ, ડાંગના આહવા અને વલસાડના કપરાડામાં સાડા ચાર – સાડાચાર ઇંચ અને વલસાડમાં ચાર ઇંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો..

વલસાડ જિલ્લામાં મોડી રાત્રે NDRF દ્વારા હિંગરાજ ગામ ખાતે ઝીંગાના ફાર્મમાં કામ કરતા 7 મજૂરોનું રેસ્કયુ કરાયું હતું. અમારા પ્રતિનિધી જણાવે છે કે, ઔરંગા નદીની સપાટી વધતા હિંગરાજ ગામમાં ઔરંગા નદીના પાણી ઘુસ્યા હતા અને 7 જેટલા મજૂરો ઝીંગા ફાર્મમાં ફસાયા હતા મોડી રાત્રે વહીવટી તંત્ર ને જાણ થતાં તાત્કાલિક પગલાં લઈ NDRF દ્વારા તમામ મજૂરોનું રેસ્ક્યુ કરાયું હતું.

-------------------------------------------------------------------------

- પીટીસી- ડાંગ, આહવા, નવસારી, વલસાડ. ગાંધીનગર, હર્ષલ -(NAVIN)

# NAVSARI RAIN

નવસારી જિલ્લામાં ગઈકાલે વરસાદ સારો પડ્યો હતો. એ જ સમયે ઉપરવાસમાં ભારે વરસાદ પડતાં નદીઓ બે કાંઠે વહી રહી છે. વાંસદાના બંને ડેમ ઓવરફ્લો થયા છે. દરમિયાન ભારે વરસાદને કારણે નવસારી કલેકટરે આજે ગણદેવી, ચીખલી અને ખેરગામ તાલુકામાં આંગણવાડી, શાળા, કોલેજો અને આઇટીઆઇ બંધ રાખવાની જાહેરાત કરી છે.

ગઈકાલે આખો દિવસ વરસાદ પડયો હતો. ગઈકાલે સવારે 6 થી આજે સવારે 6 વાગ્યાના સુધીના 24 કલાકમાં નવસારીમાં 25 મીમી, જલાલપોરમાં 22 મીમી, ગણદેવીમાં 63 મીમી, ચીખલીમાં 158 મીમી, વાંસદામાં 150 મીમી અને ખેરગામમાં 229 મીમી વરસાદ નોંધાયો હતો.

આજે સવારે 6 વાગ્યે અંબિકા નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. તેની ભયજનક સપાટી 28 ફૂટ છે, પણ તે 30.50 ફૂટે વહી રહી છે. જ્યારે પૂર્ણા નદી ભયજનક સપાટીથી લગભગ બે ફૂટ નીચે 21.05 ફૂટે તથા કાવેરી નદી ભયજનક સપાટીથી એક ફૂટ નીચે 18 ફૂટે વહી રહી છે.

આજે સવારે 6 વાગ્યે જૂજ ડેમની જળસપાટી 168.25 ફૂટ અને કેલીયા ડેમની જળસપાટી 113.90 ફૂટ થઇ છે. આ બંને ડેમ ઓવરફ્લો થતાં ગણદેવી ચીખલી અને વાંસદા તાલુકાના 24 ગામને એલર્ટ કરાયા છે.

---

- પીટીસી- નવસારી – હર્ષલ પંડ્યા -(NAVIN)

# IMD- RAIN

રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે હવામાન વિભાગે આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી અને દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે અને રેડ એલર્ટ જાહેર કરાયું છે.

આ ઉપરાંત પાટણ, મહેસાણા, સુરત, તાપી અને ડાંગ જીલ્લામાં અતિભારે વરસાદની આગાહી કરાતા હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, ખેડા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ આપ્યું છે. જ્યારે અન્ય સ્થળોએ 30થી 40 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની અને મધ્યમથી હળવા વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે.

------------------------------------------------------------------

-રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

......................................

# MEGA LOAN

અમદાવાદ શહેર પોલીસે વ્યાજખોર વિરૂદ્ધ ફરીયાદ ઝુંબેશ અને ધિરાણ માટે મેગા લોન કાર્યક્રમ યોજયો હતો.

શહેર પોલીસ કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં હાજર 450થી વધુ નાગરીકો પૈકી અનેકને ધિરાણ માટે સ્થળ પર જ લોનની પ્રોસેસ કરાઈ હતી. આ પ્રસંગે પોલીસ કમિશનરે નાગરીકોને વ્યાજખોરીના કિસ્સામાં ભયમુક્ત બની ફરીયાદ કરવા તેમજ બેંક જેવી આધારભૂત જગ્યાએથી ધિરાણ મેળવવા સૂચન કર્યું હતું.

---------------------------------------------------------------------

-માહિતી, નિકીતા -(NAVIN)

# Shravan Mas

તપ-જપ અને ઉત્સવના સમન્વય સમાન પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થયો છે. શ્રાવણ માસ એટલે ભગવાન શિવની ઉપાસના અને આરાધનાનું પર્વ આજથી તમામ શિવભકતો શિવમંદિરમાં જઇ જળાભિષેક, દુગ્ધાભિષેક, રૂદ્રાભિષક સહિત પૂજા-અર્ચના કરી શિવભક્તિ કરશે. રાજયભરના મંદિરોનાં શિવકૃપા, લઘુરૂદ્ર, હવન સહિતના ધાર્મિક – કાર્યક્રમોનું આયોજન કરાશે મોટી સંખ્યામાં શિવભકતો સવારથી જ મંદિરોમાં જઇ  શિવમય થઇ રહ્યા છે.

આ વખતે શ્રાવણ માસમાં પાંચ સોમવારનો અનોખો સંયોગ સર્જાયો છે. શ્રાવણ માસમાં ઉપવાસ એકટાણા કરવાનું પણ વિશેષ મહત્વ છે.

સોમનાથ ખાતે શ્રાવણ મહોત્સવ કાર્યક્રમ 2024ને લઇને તમામ તૈયારીઓ પૂર્ણ કરાઈ છે. ભકતો શાંતિપૂર્ણ રીતે દર્શન કરી શકે તે માટે સોમવાર અને અમાસના દિવસોએ સોમનાથ મંદિર અને અહલ્યાબાઈ મંદિરના દ્વાર સવારે 4 વાગે ખોલવામાં આવશે.

ભાવનગર શહેર અને જિલ્લાના તમામ શિવાલયોમાં વહેલી સવારથી જ શિવભકતો દર્શનાર્થે ઉમટી રહ્યા છે. શ્રાવણ માસ દરમિયાન શિવાલયોમાં દરરોજ મહાઆરતી, પૂજન-અર્ચન, જળાભિષેક, લઘુરૂદ્ર, ભજન-કિર્તન, સત્સંગ, સંતવાણી, લોકડાયરો સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. શિવાલયોને રંગબેરંગી ધજા, તોરણ અને રોશનીથી શણગારાયા છે.

---

- આર્કાઈવલ, પીટીસી, ગીરસોમનાથ, નિકીતા -(NAVIN)

# RAKHI MELA

અમદાવાદનાં વસ્ત્રાપુરમાં આવેલા અમદાવાદ હાટ ખાતે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના હસ્તે રાખી મેળોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે

સુ શ્રી બાબરીયાએ મહિલા કારીગરો માટે આયોજિત આ પ્રદર્શન સહ વેચાણ મેળાનું નિરીક્ષણ કર્યું હતું. અને મહિલા કારીગરો સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ઉલ્લેખનીય છે કે મહિલા કારીગરોને તેમની સ્વ ઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે સીધી બજારની સુવિધા આપવા માટે આયોજિત આ પ્રદર્શન સહ વેચાણ મેળામાં કુલ 82 જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે. મહિલા કારીગરો પ્રતિદિન રૂ. 200નું ભાડું આપીને આ મેળામાં ભાગ લઈ શકે છે. આ વેચાણ મેળામાં ભાગ લેવા માટે મહિલાઓ પોર્ટલ www.mela.gwedc.gov.in ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે છે.

------------------------------------------------------------------

- માં ખા નિકિતા

-(NAVIN)

# NARI VANDAN

અમદાવાદ સમરસ કન્યા છાત્રાલય ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાની ઉપસ્થિતિમાં સમરસ છાત્રાલયની છાત્રાઓનો પ્રવેશોત્સવ અને નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી હસ્તે નવીન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓનું કુમ કુમ તિલક કરી છાત્રાલય પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રીમતી બાબરીયાએ જણાવ્યું કે, પોતાના ઘરથી દૂર મોટા શહેરમાં દીકરા-દીકરીઓ સલામત- સુરક્ષિત રીતે રહીને ભણી- ગણીને આગળ વધી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા સમરસ છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમણે વિદ્યાર્થિનીઓને મહેનત કરી આગળ આવવા અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો

આ કાર્યક્રમમાં સખી વન સ્ટોપ સેન્ટર યોજના, મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગે સમજ તથા સાયબર ક્રાઇમ અને 181 મહિલા અભયમ હેલ્પલાઇન વિશે વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

-------------------------------------------------------------------

- માં ખા નિકિતા

-(NAVIN)